# સૈયદના અલી (ક.રૂ.) ના
# ૨૭ અસ્હાબની હકીકત અને તારીખે નસ્સે જલી

દાઅવતે હક્ક ઈબ્દાઈ છે યાઅની કે અલ્લાહતઆલાની તૌહીદ, અઝમત, કુદરત અને કમાલીયતની દાઅવત આ ઝમીન અને અફલાકની પૈદાઈશ પહેલા વુજૂદમાં હતી. આલમે સફા, આલમે કુદસ, આલમે અકલ અને આલમે લતાફતમાં પણ જે અલ્લાહનું ઈલ્મ અને નૂર જારી થયું તેના સબબ આ દાઅવતે હક્ક કાઈમા થઈ અને જેમ જેમ દૌર ગુઝરતા ગયા અને અલ્લાહની પૈદાઈશમાં ઈઝાફો થાતો ગયો તેમ તેમ આ દાઅવત આલમે કૌને વલ ફસાદમાં મુન્તકલ થઈ. આજે આ દાઅવત દૌરૂસ્સતરમાં યાઅની કે શરીઅતે મોહંમદીના દૌરમાં કાઈમ-દાઈમ છે. આ દાઅવત, શરીઅત, ઈલ્મ અને અમલના સબબ જ જિસ્માની આલમમાંથી મુમેનીન આલમે કુદસમાં યાઅની કે આલમે રૂહાનીમાં ચઢે છે. આ દાઅવતના ૮ મરતબાઓ ના સબબ મુમેનીન એક પછી એક મરતબા પર ચઢે છે અને ઈમામ તથા ઈમામતના ખમીરામાં પહોંચે છે. **અલ્લાહતઆલાએ આલમે અક્લમાં જે જે અક્લો પૈદા કીધી તેની દાઅવતના કમ-અઝ-કમ ૨૭ લબ્બૈક બોલનારાઓ ને કીધા અને આ મુબારક અદદ-સિલસિલો હર દૌરમાં જારી રહેલો છે.** નબી હોય યા કે તેના વસી; ઈમામ હોય યા કે તેના દાઈ; એની દાઅવતના જવાબ દેનારાઓ અને અમરો હુકમને કુબૂલ કરવામાં જલ્દી કરનારાઓમાં કમ-અઝ-કમ ૨૭ તાબેઈન હોય છે.

આ જ શાકેલત પર હિન્દના પહેલા શહીદે આઅઝમ સૈયદના વ મૌલાના અલી શમ્સુદ્દીન બિન ઈબ્રાહીમ સાહબ (ક.રૂ.) ની દાઅવતને લબ્બૈક બોલનારાઓ અને હક્કની માઅરેફત કરી નસ્સે જલીની સાચી દાઅવતે હાદીયાહના દાએરામાં દાખિલ થાનારાઓ નો ઝુમ્રો ૨૭ હુદૂદ પર સાબિત હતો. જેમ અકલે અવ્વલ (બાવીસા) ની દોઆના સાહબ અલ-આલિમ અલ-ફાઝિલ સૈ. મોહંમદ બિન તાહિર (ર.અ.) આપના તસ્નીફશુદા હકાઈકના કિતાબોમાં દાઅવતની ભેદ અને મખ્ફી વાતો ને અયાઁ-બયાઁ કરતા ફરમાવે છે કે, **"હર દૌરમાં દાઅવતના સાહબે હક્કના માનનારાઓ કમ-અઝ-કમ ૨૭ હોય છે જેના સબબ દાઅવતના હુદૂદના મરાતિબ મુકમ્મલ થાય છે, જે કલેમએ શહાદતના માઅની ને તસ્દીક કરનાર છે-સચ્ચાવનાર છે."** દોઆતે મુત્લકીનના તાજ, મુમેનીનના સરતાજ, ખાશેઈનની આઁખોના તારા, બેકસોની દિલી મુરાદના સહારા સૈયદના અલી બિન ઈબ્રાહીમ અશ-શહીદ (આ.કુ.) ની નસ્સે જલીના બયાનમાં દાઅવતે હાદીયાહના તારીખના કિતાબોમાં રિવાયત મન્કૂલ થઈ છે કે, આપ જે વક્ત દાઅવતના અર્શ પર જલ્વા અફરોઝ થયા તે ઝમાન પર્દા અને તકીયાનો ઝમાન હતો અને **આપના નાસિર, મોઇન અને યાવર તાઅદાદમાં ૨૭ પણ હોંસલા અને હક્કપરસ્તીમાં બલંદો કવી હતા, હઝારો પર ભારી હતા,** તેથી ચંદ અરસામાં જ આ તમામની હિમાયતથી આપે દાઅવતના નશાનને બલંદ કીધું, શરીઅતે પાકના અરકાનને કાઈમ કીધા અને ઝાહિરી તૌર પર દાઅવતની બુનિયાદને મઝબૂત કીધી.

આપના દાદાજી સાહેબ ૨૮ માં દાઈએ અન્વર સૈ. શૈખ આદમ સફીયુદ્દીન બિન તૈયબશાહ બિન મલક બિન ઈસ્માઈલ (ક.રૂ.) આ દારે ફાની માંથી આલમે સફા તરફ ઈન્તેકાલ ફરમાવા પહેલા આપ ને પોતાના મકામે શરીફ પર *૩ રજબ ૧૦૩૦ હી.* ના દિન દાઅવતના હુદૂદ, મશાઈખ અને મુમેનીન ફોઝલાને દરમિયાન ત્રણે જઝીરાની હિદાયતના ઝિમ્મેદાર કીધા. આને માકબ્લ બેશુમાર મજલિસોમાં આપની તરફ નસ્સે ખફીનો ઈશારો ફરમાવો હતો. જે વક્ત આપ સૈ. શૈખ આદમ સાહબને કરીબ આપના તાલિબે ઈલ્મો માંથી મજલિસમાં ઈબ્રાહીમજી બિન શૈખ મોહંમદ, કાસિમજી બિન ફીર, તૈયબજી બિન સૈ.સફીયુદ્દીન સાહબ, અલી મોહંમદ બિન દાઉદ, અમીનજી બિન જલાલ અને યાઅકૂબ બિન નિઝામ દખ્ખની નિશસ્ત ફરમાવતા હતા, તે વક્ત આપ ને આપના દાદાજી સાહબે દખ્ખનના જઝીરાને દાઅવતના ઈલ્મની અન્હારથી સીંચવાનું ફરમાન કીધું અને અમર કીધો કે, **"અય અલી, દખ્ખનના રહેનાર યાઅકૂબ બિન નિઝામુદ્દીનને તમે દાઅવતના તમામ ઇલ્મથી સરફરાઝ કરો કેમ કે દખ્ખનની ઝમીન દાઅવતે શરીફાની નેઅમતથી ખાલી છે. આ અમરમાં ઘણી જ તાઅજીલ કરો અને બિલકુલ પણ વક્ત ઝાયેઅ ન કરો."** આ ફરમાન સાંભલીને સૈયદનાની કદમબોસી કરીને તમામે તખ્લીયાની ઈજાઝત લીધી.

રિવાયત કરનાર લખે છે કે, સૈયદના સફીયુદ્દીન સાહબે આકા અલી સાહબ પર નસ્સની વાતને શહરે રજબ ૧૦૩૦ હી. ની ચોથી તારીખે આપના ખાસુલ ખાસ મોઈન સૈ.દાઉદજી બિન કુતુબશાહના નવાસા ચાઁદમીયા બિન અબુજી અને હસનખાન બિન અલીખાનને નઝદીક ઝાહિર કીધી. આપ મૌલાએ હસનખાનને મુખાતિબ થઈને ફરમાવું કે, "અય હસનખાન, જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક હજરે અસ્વદને તેના મકામે અસ્લી પર મુકવાનો સવાલ થયો તો આપે ખુદ આપના દસ્તે મુબારકથી તે હજરે અસ્વદને તેની જગા પર મુકવાને બદલે કુરૈશના મુખ્તલિફ કબીલાઓના સરદારો સાથે ચાદર પકડાવી તેમાં હજરે અસ્વદને રાખો અને જે વક્ત ચાદર પકડીને તમામ કાઅબતુલ્લાહને નઝદીક થયા તો આપે ખુદ હજરે અસ્વદને તેની જગા પર વઝઅ કીધો. **તો અય હસનખાન, મારા પૌતા અલી બિન ઇબ્રાહીમ મારે બાદ મારી જગા પર યાઅની દાઇએ મુત્લકના મન્સબ પર ફાઇઝ થાશે અને તમેં મારા અલીની દાઅવતના અમરમાં નુસ્રત અને યારી દેજો."** સૈ.અલી (ક.રૂ.) ની કાઈમ મકામી વાસ્તે આપના આ કલામ સાંભલી હસનખાન આપ મૌલાના કદમમાં પડી ગયા અને આપને બયઅત-મીઆદ આપો.

તારીખ *૬ રજબ ૧૦૩૦ હી.* ના દિન પણ આપ મૌલાએ આપના હુદૂદ દરમિયાન સૈ.અલી (ક.રૂ.) પર નસ્સે જલી ફરમાવી અને તમામને સૈ.અલીની ઈતાઅત કરવાનું ફરમાન કીધું. આપે કહ્યું કે, **"ઇન્ના અલીયુન ફિલ જન્નતે"**, યાઅની સૈ.અલી અને આપના તાબેઈન મુમેનીન જન્નતી છે. સૈ. સફીયુદ્દીન સાહબ *૭ રજબ ૧૦૩૦ હી.* માં ઈન્તેકાલ ફરમાવી ગયા અને આપની નમાઝે જનાઝા સૈ.અલી એ પઢાવી અને જે જગા પર આપના કબીલાના અફરાદ દફન હતા તે જગા પર આપની કબ્રે અન્વર વાકેઅ થઈ અને આપ બાદ સૈ.અલી મસ્નદે તૈયબી પર અહમદાબાદમાં જલ્વાનુમા થયા અને દાઅવતે હક્કને કાઈમા કીધી. ★